ગુજરાત સમાચાર

22 July, 2013

http://gujaratsamachar.com/index.php/articles/display_article/doctor-creats-world-record-for-post-tickets#.Uez6nRThC4U.gmail

# વડોદરાના ડોક્ટરને પર્વતો વિશેના ટિકિટસંગ્રહ માટે ગોલ્ડનબુક ઓફ રેકોર્ડમાં સ્થા

## પર્વતો અંગેની સૌથી વધારે ટીકીટો ભેગી કરવાનો વર્લ્ડ રેકોર્ડઃચીનના હરીફને આપી માત

**વડોદરા,તા.22** - વડોદરાના ત્વચા ચિકિત્સકના પર્વતો અને તે સંબંધિત જીવન વિષય પરના વિશાળટિકિટ સંગ્રહ્ને માન્યતા આપીને ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સના સત્તાવાળાઓએ તેમને વિશ્વવિક્રમધારક બનાવ્યા છે. ટિકિટોના સંગ્રહનો શોખ ધરાવે છ. ેતેમનું વિશેષ કલેક્શન માઉન્ટેન્સ એન્ડ રિલેટેડ લાઇફ વિષય પરનું રહ્યું છે આ વિષય પર અગાઉ તેમણે એશિયાનો શ્રેષ્ઠ ટપાલ ટિકિય સંગ્રાહક્નો એવોર્ડ મેળવ્યો હતો. તે સમયે તેમના નિકટના હરીફ ચાઇનાના સંગ્રાહકની ૧૯૦૦ ટિકિટ સામે ૨૪૩૦ ટિકિટો રજુ કરી એવોર્ડ પર કબજો જમાવ્યો હતો. ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ સામે ડો. મોહ્નાનીએ પર્વતો અને તે પરના જીવન વિશેેની ૨૭૬૩ ટપાલ ટિકિટો રજુ કરી પોતાનો દાવો મજબૂત કર્યો હતો. આ અગાઉ ગોલ્ડન બુકમાં આ વિક્રમ પેન્સિલવેનિયાના સ્ટિવન રાઇટના નામે હતો. તેમની પાસે આવિષયની ૧૫૪૪ ટિકિટો હતી. તે પહેલાં આ વિક્રમ મલેશિયાના મોહંમદ હનીફ (૭૪૨ ટિકિટો)ના નામે હતો.



ડો. મોહ્નાનીનું કહેવું છે કે ટિકિટ સંગ્રહના શોખને કારણે તેમના દેશવિદેશના મિત્રોની સંખ્યામાં વધારો થયો છે. જેમ કે તેમના આ સંગ્રહને સમૃધ્ધ બનાવવામાં બ્રિગેડીયર ડો પ્રદીપ ભટનાગરનો પણ ફાળો છે. તેમણે ડોક્ટરને ૫૦ જેટલી ટિકિટો આપી હતી. એઇડ્સ પર ટિકિટ સંગ્રહ કરી રહેલા મુકેશ શુક્લાએ પણ તેમને ટિકિટો આપી હતી. ડો મોહ્નાનીના ટિકિટ સંગ્રહને રોમાનીયાની એર મહિલા પેનફ્રેન્ટ, નેપાલના રોયલ નેપાળ આર્મીના એક જવાન ની પણ મદદ છે. ઉપરાંત ભારતના પત્રમિત્રો પણ તેમને અવારનવાર ટિકિટ વિનિમયમાં મદદ કરે છે. ટપાલ ટિકિટ સંગ્રહનો શોખ એકંદરે મોંઘો છે. પણ પત્રમિત્રોની વિશાળ સંખ્યા આ શોખના ખર્ચાને હળવો બનાવી દે છે. શરત એ છે કે જેમ તમારા મિત્રો તમને મદદ કરે તેવી રીતે તમને જરૂર હોય તે રીતે તમારે મદદ કરવી રહે. જે મોટાબાગે વિનિમય પ્રથાથી શક્ય બને છે.